# રેગ્યુલર સિવિલ શ્યુટ નં.૨૦/૨૦૨૧

**આંક–૦૫**

| | |
|---|---|
| सत्यमेव जयते | વાદી– પરમાર **(૧)** વોરા સૈફુદ્દીન અલીભાઈ, રહે.ટોટાણા, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા, મર્હુમ વોરા નજમુદિન અલીભાઈ ના વારસો **(૨/૧)** વોરા નફીસાબેન નજમુદિન ઉ.વ.આ.૬૩,ધંધો–ઘરકામ તથા ખેતી, **(૨/૨)** વોરા અમારભાઈ નજમુદિન, ઉ.વ.આ.૩૩,ધંધો–નોકરી તથા ખેતી, વાદી નં. ૨/૧ વાળા જાતે તથા વાદી નં. ૨/૨ ના કુલ મુખત્યાર પાવર ઓફ એટર્ની તરીકે વાદી નં. ૨/૧ વોરા નફીસાબેન નજમુદિન રહે. ગામ–ટોટાણા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠાનાઓની **આંક–૦૫ વાળી અરજી તળે હુકમ** |

..............................................................................................................

(૧) વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે જાહેરાતનો તથા કાયમી મનાઈ હુકમનો દાખલ કરેલો છે અને વાદી દ્વારા હાલના દાવાની સાથે ઓ.૩૯, રૂ.૧,૨ અન્વયે તથા કલમ ૧૫૧ નીચે દાવો ચાલતા દરમીયાન હંગામી મનાઈ હુકમની માંગણી કરતી હાલની અરજી કરેલ છે.

(૨) વાદીની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓ ટોટાણા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા મુકામે રહે છે. (૧). આ કામના વાદી નં. ૧ તથા સહ પ્રતિવાદી તથા વાદી નં. ૨ મર્હુમ નજમુદિન અલીભાઈ વોરાને અલીભાઇ વાલાભાઇ વોરા પિતા થાય છે. આ કામના પ્રતિવાદી વાણા (વોરા) સબ્બીરભાઇ અબ્બાસભાઇ તે અબ્બાસભાઇ અબ્દુલહુસેનના પુત્ર છે. આમ અમો વાદીઓ તથા પ્રતિવાદી એકજ કુટુંબના છીએ અને અમો વાદીઓ તથા પ્રતિવાદી કાકાના દિકરા ભાઇઓ થઇએ છીએ. અમો વાદી નં. ૧ તથા સહ પ્રતિવાદીના ભાઈ વાદી નં. ૨ મર્હુમ નજમુદિન અલીભાઇ વોરા ગુજરી ગયેલ છે અને વાદી નં. ૨/૧ નફીસાબેન નજમુદિન વોરા તે મર્હુમ નજમુદિન અલીભાઇ વોરાની વિધવા પત્ની છે અને વાદી નં. ૨/૨ વોરા અમારભાઈ નજમુદિન તે મર્હુમ નજમુદિન અલીભાઇ વોરાના પુત્ર છે.

(૩) આ કામના વાદીઓ તથા સહપ્રતિવાદીની સંયુક્ત માલીકી, કબજા ભોગવટાનું મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના જુના સર્વે નં.૨૨૬(જુનુ માપ ક્ષેત્રફળ હે.આરે.૨,૪૭–૮૭ ચો.મીટર) નવો સર્વે નં.૨૬૦(નવુ માપ ક્ષેત્રફળ હે.આરે.૨,૩૪,૫૪ ચો.મીટર) વાળી જમીન આવેલ છે જેનો ખાતા નં.૩૬૯ છે.

(૪) મોજે ગામ ટોટાણા તા.કાંકરેજના હક્કપત્રકમાં પડેલ નોંધ નં.૧૮૮ ની વિગતે સર્વે નં.૧૪૯/૧, ૨૨૬, ૨૪૧ વાળી જમીન વોરા અબ્બાસભાઈ અબ્દુલહુસેન ખાતેદાર હોવાથી નોંધ કરી.

(૫) મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના હકકપત્રકમાં પડેલ વહેંચણીની નોંધ નં. ૯૮૪ તા. ૪/૨/૮૯ ની વિગતે વોરા અબ્બાસભાઈ અબ્દુલહુસેન ના ખાતે મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના સ.નં. ૧૪૯/૧, ૨૨૬, ૨૪૧ વાળી જમીન ચાલતી હતી. પરંતુ તેઓ વૃધ્ધ થઇ ગયેલ હોઈ તથા સરકારી કામકાજ કરવામાં અશક્તિમાન છે અને બિમાર રહેતા હોઈ ખાતામાંથી તેમનું નામ કમી કરી તેમના સીધીલીટીના વારસદાર તેમના પુબ વોરા સબ્બીરભાઈ અબ્બાસભાઈનું નામ દાખલ કરવા અરજી તથા જવાબ આધારે નોંધ પડેલ હતી જે નોંધ સર્કલ ઓફીસરશ્રી, થરાએ તા. ૨૭/૩/૮૯ ના રોજ પ્રમાણીત કરેલ હતી.

(૬) ત્યારબાદ મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના હકકપત્રકમાં પડેલ વહેંચણી ની નોંધ નં. ૧૦૫૦ તા. ૨૨/૨/૯૧ ના રોજ પડેલ હતી જે નોંધની વિગતે મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના સ.નં. ૨૨૬ વાળી જમીન સબ્બીરભાઈ અબ્બાસભાઈ વોરા ના નામે ચાલે છે સદરહું જમીન તેમના બાપ દાદાના સમયની છે અને તેમને વારસાઇ હકકથી ગયેલ છે ખરેખર જમીન તેમના કાકાના દિકરાઓ તેમના ભાઈઓ શૈકુદિન અલીભાઈ, નજમુદ્દીન અલીભાઈ અને ફકરુદ્દિન અલીભાઈના ભાગની છે. પરંતુ જે–તે સમયે નામો દાખલ કરેલ નથી. સદરહું જમીન તેમના ભાગે આવેલ છે અને પ્રત્યક્ષ કબજામાં હોઇ આ જમીનમાંથી સબ્બીરભાઈ અબ્બાસભાઈ વોરાનું નામ કમી કરી શેકુદિન અલીભાઈ વોરા તથા નજમુદિન અલીભાઈ વોરા અને ફકરુદ્દિન અલીભાઈ વોરા ના નામો દાખલ કરવા જવાબો, પેઢીનામું, નોટીસો આધારે નોંધ કરવામાં આવેલ હતી જે નોંધ કાગળો, પંચનામું, પ્રત્યક કબજા, ભોગવટા પ્રમાણે સર્કલ ઓફીસરશ્રી, થરાએ તા. ૯/૫/૯૧ ના રોજ મંજુર કરેલ હતી. જે મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના હકકપત્રકમાં નોંધ નં. ૧૦૫૦ તા. ૨૨/૨/૯૧ ના કામે ૧૩૫ (ડી) ની નોટીસ આ કામના પ્રતિવાદીને પણ બજાવવામાં આવેલ હતી તથા આ કામના પ્રતિવાદીએ તેમનો જવાબ તલાટી કમ મંત્રીશ્રી, રૂબરૂ લખાવેલ હતો. આમ આ કામના વાદી નં. ૧ તથા સહ પ્રતિવાદી તથા વાદી નં. ૨ મર્હુમ નજમુદિન અલીભાઈ વોરાનું નામ મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના જુનો સ.નં. ૨૨૬, (જુનું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨–૪૭–૮૭ ચો.મીટર) નવો સ.નં. ૨૬૦ (નવું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨–૩૪–૫૪ ચો.મીટર) વાળી

જમીનમાં સંયુકત ખાતે તથા નામે દાખલ થયેલ હતું. અને ત્યારથી અમો વાદીઓ તથા સહ પ્રતિવાદી સદરહું જમીનમાં સંયુકત રીતે ખેતી કરી ઉપજ-પેદાશ લેતા આવે છે અને અમો વાદીઓ તથા સહ પ્રતિવાદીના નામનું પાણીપત્રક સને ૧૯૯૦-૯૧ થી આજદીન સુધી બનતું આવેલ છે. હાલમાં અમો વાદીઓ તથા સહ પ્રતિવાદીનો સંયુકત કબજો, ભોગવટો માલીકી હકકથી આજદીન સુધી સતત ૩૦ વર્ષ કરતા વધારે સમયથી ચાલ્યો આવેલ છે. અને અમો વાદીઓ તથા સહ પ્રતિવાદી સંયુકત રીતે ૧૨ વર્ષ કરતા વધુ સમયથી સદરહું દાવાવાળી મિલ્કતમાં ખેતી કરતા આવેલ છીએ. જેથી અમો વાદીઓ તથા સહ પ્રતિવાદી દાવાવાળી મિલ્કતના એડવર્સ પજેશન રૂએ કબજા આધારે પણ સંયુકત માલીક, કબજેદાર બનેલ છીએ.

(૭) ત્યારબાદ વાદી નં.૨ મર્હુમ નજમુદિન અલીભાઇ વોરા તા.૯/૭/૨૦૧૨ના રોજ ગુજરી જતાં મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના હકકપત્રકમાં વારસાઈ નોંધ નં. ૨૧૨૪ તા. ૧૯/૧/૨૦૧૬ ના રોજ પડેલ હતી. જે નોંધથી અમો વાદી નં. ૨/૧ તથા વાદી નં. ૨/૨ વાળાઓના નામો મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના જુનો સ.નં. ૨૨૬, (જુનું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૪૭-૮૭ ચો.મીટર) નવો સ.નં. ૨૬૦ (નવું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૩૪-૫૪ ચો.મીટર) વાળી જમીનમાં નામો દાખલ થયેલ હતા. હાલમાં સદરહું જમીનમાં અમો વાદીઓ તથા સહ પ્રતિવાદીનો સંયુકત કબજો, ભોગવટો માલીકી હકકથી આજદીન સુધી સતત આવેલ છે તેમાં અમો વાદીઓ તથા સહ પ્રતિવાદી સંયુકત રીતે ખેતી કરી અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ. હાલમાં અમો વાદીઓ તથા સહ પ્રતિવાદીનો સંયુકત કબજો, ભોગવટો માલીકી હકકથી આજદીન સુધી સતત ૩૦ વર્ષ કરતા વધારે સમયથી ચાલ્યો આવેલ છે. અને અમો વાદીઓ તથા સહ પ્રતિવાદી સંયુકત રીતે ૧૨ વર્ષ કરતા વધુ સમયથી સદરહું દાવાવાળી મિલ્કતમાં ખેતી કરતા આવેલ છીએ. જેથી અમો વાદીઓ તથા સહ પ્રતિવાદી દાવાવાળી મિલ્કતના એડવર્સ પજેશન રૂએ કબજા આધારે પણ સંયુકત માલીક, કબજેદાર બનેલ છીએ.

(૮) આ કામના પ્રતિવાદીએ આશરે ૩૦ વર્ષની સમય મર્યાદા પછી મોજે ગામ ટોટાણા,તા.કાંકરેજના હકકપત્રકમાં પડેલ વહેંચણી ની નોંધ નં. ૧૦૫૦ તા. ૨૨/૨/૯૧ સામે ડીસાના મે.નાયબ કલેકટર સાહેબની કોર્ટમાં આર.ટી.એસ.અપીલ નં. ૧૪૨/૨૦૨૧ ખોટી અપીલ દાખલ કરેલ છે. અમો વાદીઓની મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના જુનો

સ.નં. ૨૨૬, (જુનું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૪૭-૮૭ ચો.મીટર) નવો સ.નં. ૨૬૦ (નવું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૩૪-૫૪ ચો.મીટર) વાળી જમીન સને ૧૯૯૧ થી (સતત ૩૦ વર્ષ કરતા વધુ સમયથી આજદીન સુધી) અમો વાદીઓના સંયુકત માલીકી કબજા, ભોગવટામાં આવેલ છે અને અમો વાદીઓના નામનું પાણપત્રક પણ સને ૧૯૯૧ થી આજદીન સુધી બનતું આવેલ છે અને હાલમાં પણ મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના જુનોસ.નં. ૨૨૬, (જુનુંમાપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૪૭-૮૭ ચો.મીટર) નવો સ.નં. ૨૬૦ (નવું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૩૪-૫૪ ચો.મીટર) વાળી જમીનમાં અમો વાદીઓએ વાવેતર કરેલ છે અમારો શાંત કબજો, ભોગવટો આવેલ છે. આ કામના પ્રતિવાદી અમો વાદીઓને આ દાવો દાખલ કરતા અઠવાડીયા પહેલાં આ કામના પ્રતિવાદીએ તેમના મળતીયા માણસોને અમો વાદીઓની મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના જુનો સ.નં. ૨૨૬, (જુનું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૪૭-૮૭ ચો.મીટર) નવો સ.નં. ૨૬૦ (નવું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૩૪-૫૪ ચો.મીટર) વાળી જમીનનો કબજો પડાવી લેવાની કોશીશ કરતાં અને આ કામના પ્રતિવાદીના મળતીયા માણસોએ અમો વાદીઓને કહેલ કે, સદરહું દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીને આપી દેજો નહીંતર તમારી પાસેથી બળજબરી પુર્વક કબજો પડાવી લઇશું તમારાથી જે થાય તે કરી લેજો તેવી ધાક, ધમકીઓ અમો વાદીઓને આપતા હોવાથી જેથી આ કામના પ્રતિવાદી વિરુધ્ધ અમો વાદીઓ એ આ દાવો લાવવાની ફરજ પડેલ છે અને દાવાના કામે હંગામી મનાઈ હુકમની અરજી આપવાની ફરજ પડેલ છે.

(૯) આ કામે પ્રતિવાદીઓને નામ.કોર્ટ દ્વારા કારણ દર્શક નોટીસની બજવણી આંક-૭ થી થયેલી અને પ્રતિવાદીઓ તરફે **આંક-૧૧** થી દાવા તથા હંગામી મનાઈ હુકમનો સંયુક્ત જવાબ રજુ થયેલ છે તેમજ તેઓના જવાબના સમર્થનમાં પ્રતિવાદીઓએ **આંક-૧૨** થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરી **માર્ક ૧૨/૧ થી ૧૨/૧૩** સુધીના દસ્તાવેજો પર આધાર રાખેલ છે. તેમજ તેઓએ વાદીની દાવાની હકીકતોનો મોટા ભાગે ઈન્કાર કરેલ છે અને તેઓએ તેમના જવાબમાં મહત્વની હકીકત જણાવેલ છે કે

- મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજ ના જુના સ.નં ૨૨૬ (જુનુ માપ ક્ષેત્રફળ હે.આરે.૨-૪૭-૮૭ ચો.મીટર) નવો સ.નં. ૨૬૦ (નવુ માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૩૪-૫૪ ચો.મીટર) વાળી જમીન અમો

પ્રતિવાદીનં:- ૧ ની માલીકી, કબજા, ભોગવટા હેઠળ આવેલ છે. સદરહું જમીનમાં આ કામના વાદીઓને કે અન્ય કોઇ ને કોઇ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો કે અધિકાર આવેલા નથી.

- મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા મુકામે સર્વે નં:- ૧૪૯/૧, ૨૨૬, ૨૪૧ વાળી ખેતીની જમીન આવેલી હતી. સદરહું જમીન નોંધ નં.૧૮૮ ની વિગતે અમો પ્રતિવાદીની પિતાશ્રી વોરા અબ્બાસભાઈ અબ્દુલહુસેનના નામે ચાલતી હતીઅને તેમના કબજા ભોગવટા હેઠળ સ્વતંત્ર હકકથી ધરાવતા હતા. અમો પ્રતિવાદીના પિતાશ્રી અશકત હોઇ તેમજ સરકારી કામકાજ કરવા અશકતીમાન હોઈ અને અમો પ્રતિવાદી સદરહું જમીનનો કારભાળ અને વહીવટ સંભાળતા હોઈ જેથી સદરહું જમીન અમો પ્રતિવાદીના ખાતે દાખલ કરાવેલ અને તેની હકક પત્રકે નોંધ નં:- ૯૮૪ તા.૪/૨/૮૯ ના રોજ પડેલ અને તે આધારે સદરહું જમીનના અમો પ્રતિવાદી સ્વતંત્ર માલીક, કબજેદાર, ભોગવટેદાર બનેલા.
- ત્યારબાદ અમો પ્રતિવાદી ધંધા અર્થે સુરેન્દ્રનગર મુકામે જતા રહેલ અને આથી અમો અમારી જમીનની દેખરેખ રાખી શકેલ નહી જેથી તેનો ગેરલાભ લઇ ને અમારી જમીનો પૈકી સર્વે નં. ૨૨૬ વાળી જમીનમાં આ કામના વાદીઓ તથા સહપ્રતિવાદીઓએ ભેગા મળી અમો પ્રતિવાદીની જાણ બહાર અમોને અંધારામાં રાખી અમારા ધ્યાન ઉપર ન આવે તે રીતે નોંધ નં:- ૧૦૫૦ તા.૨૨/૨/૯૧ ની વિગતે તેમનો હકક સમાયેલ હોવાની ખોટી અને વિકૃત હકીકતો જણાવી તેમના નામ દાખલ કરાવી દીધેલ અને અમારૂ નામ કમી કરાવી દીધેલ. ત્યારબાદ નોંધ નં:- ૨૧૨૪ ની વિગતે વોરા સૈફુદીન અલીભાઇના વારસોની વારસાઇની નોંધ પડાવી દીધેલ. ત્યારબાદ નોંધ નં:-૨૧૫૮ તા.૨/૬/૨૦૧૬ ની વિગતે નામમાં ભુલ થયેલ હોઇ તેની સુધારા

નોંધ પડાવેલ. ત્યાર બાદ રી–સર્વે પ્રમોલગેશન નોંધ નં:–૨૨૦૩ ની વિગતે રી–સર્વે ની નોંધ પાડવામાં આવેલ.

- આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતાં સદરહું જમીનના અમો પ્રતિવાદી નોંધ નં:– ૯૮૪ ની વિગતે સ્વતંત્ર માલીક બનેલા હતા. અને આ કામના વાદીઓ તથા સહપ્રવાદીએ અંદરો અંદર મેળાપીપણા કરી ગેરકાયદેસર રીતે તેમના નામ નોંધ નં:–૧૦૫૦ ની વિગતે તેમના ખોટી રીતે દાખલ કરાવેલ હોવાની હકીકત અમારા ધ્યાન ઉપર આવતાં અને આ કામના વાદી તથા સહપ્રતિવાદીએ ખોટુ કરેલ હોવાની હકીકત અમારા ધ્યાન ઉપર આવતાં તે નોંધ નં:– ૧૦૫૦ રદ કરવા સબબ અમોએ નાયબ કલેકટરશ્રી, ડીસા સમક્ષ આર.ટી.એસ. અપીલ નં:– ૧૪૨/૨૦૨૧ થી વિવાદ અરજી દાખલ કરેલ અને આમ રેવન્યુ રેકર્ડે ખોટુ થયેલ હોવાની હકીકત સ્પષ્ટ થતાં નાયબ કલેકટરશ્રી એ તેમના તા:–૧૦/૧૨/૨૦૨૧ ના હુકમથી અમારી વિવાદ અરજી મંજુર કરી "મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના હકક પત્રકે પડેલ નોંધ નં:–૧૦૫૦ પ્રમાણીત કરતો સર્કલ ઓફીસરશ્રી થરા નો તા:–૯/૫/૧૯૯૧ નો નિર્ણય રદ કરી નોંધ નં:– ૯૮૪ મુજબના મુળ માલીકો દાખલ કરવા તેમજ નોંધ નં:– ૧૦૫૦ પછી પડેલ નોંધ નં:– ૨૧૨૪ પણ રદ કરવા આથી હુકમ કરવામાં આવે છે." તે મુજબનો હુકમ કરેલો અને આ હુકમની હુકમી નોંધ નં:– ૨૬૩૫ તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ સ.ઓ.શ્રી થરાનાઓએ પ્રમાણિત કરેલ અને અમો પ્રતિવાદીનું નામ ફરીથી સ.ન.૨૬૦ આવી ગયેલ છે. અને હાલ પણ આ જમીન પર અમો પ્રતિવાદી કબજો ભોગવટો ધરાવીએ છીએ.
- વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના વાદી સતત તેમના દાવાના પ્લીડીંગમાં હકીકતો જણાવેલ છે કે, સને ૧૯૯૧ થી સતત ૩૦ વર્ષ કરતા વધુ સમયથી આજદીન સુધી તેમનો કબજો ભોગવટો આવેલ હોવાની હકીકતો અને પાણી પત્રકના ઉતારા રજુ કરી નામદાર કોર્ટ ને ગેરમાર્ગે દોરી તેમનો માલીકી હકક અને કબજો, ભોગવટો સાબીત

કરવા માંગે છે. પરંતુ આ તબકકે ખુલાસો કરતા જણાવીએ છીએ કે, અમો પ્રતિવાદીના વડવા આદમજી સવાઈજી વોરા(વાણા) ને સંતાનમાં બે પુત્રો જેમાં અમો પ્રતિવાદીના દાદા અબ્દુલહુસેન આદમજી તથા વાલાભાઈ આદમજી હતા અને અમારા દાદા અબ્દુલહુસેન ના વારસદારમાં અમારા પિતાશ્રી અબ્બાસભાઈના વારસદારમાં અમો પ્રતિવાદી તથા અમારી બહેનોનો સમાવેશ થાય છે. જે હકીકતો ધ્યાને લેતાં અને આ સાથે રેવન્યુ રેકર્ડની હકીકતોને સરખાવવામાં આવે તો નોંધ નં:– ૧૮૮ ની વિગતે અમારા પિતાશ્રી વોરા અબ્બાસભાઈ અબ્દુલહુસેનના નામે પ્રમોલગેશનના સમયથી તેમનું નામ દાખલ થયેલ છે તેમજ સને ૧૯૬૨/૬૩ ના વર્ષના પાણી પત્રક જોવામાં આવે તો અમારા પિતાશ્રીના નામનો સમાવેશ થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આ કામના વાદી તેમજ સહપ્રતિવાદીના પિતાશ્રી કે વડવાઓના અમારી માલીકીની જમીનમાં કોઇ નામ હોય કે તેમનો કોઈ હકક હોય તેવું ક્યાંય રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થતું નથી. પરંતુ આ કામના વાદી તથા સહપ્રતિવાદીએ પાછળથી ખોટી હકીકતો અને ખોટા રેકર્ડ બનાવી અને રેવન્યુ અધિકારીને હાથ ઉપર લઈ સદરહું જમીનમાં તેમને કોઈ લેવા દેવા ન હોવા છતાં તેમનું નામ દાખલ કરાવી દીધેલ હોઈ અને આમ કરી આ કામના વાદીએ કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધનું કૃત્ય કરેલ છે.

- વધુમાં આ કામના વાદીએ નોંધના કામે જે પેઢીનામું રજુ કરેલ છે તે પણ ખોટુ જણાવેલ છે. કારણ કે તેઓએ વાલાભાઈનું પેઢીનામું રજુ કરેલ છે તેમાં તેમના વારસદારમાં અબ્દુલહુસેન તથા અલીભાઈ એ રીતે દર્શાવેલ છે. જયારે કે અબ્દુલહુસેન અમો પ્રતિવાદીના દાદા થાય છે અને અમારા દાદાના પિતાનું નામ આદમજી સવાઈજી વોરા(વાણા) છે અને આ કામે વાલાભાઈ તે ખરેખર અમારા દાદા અબ્દુલહુસેનના ભાઈ થાય છે **તેમ છતાં પણ તેઓએ ખોટું પેઢીનામું રજુ** કરી અને સદરહું જમીનમાં તેમનુ ગેરકાયદેસર રીતે નામ દાખલ કરાવેલ છે જયારે અમો પ્રતિવાદી સદરહું દાવા વાળી જમીનના કાયદેસરના માલીક છીએ. અને

આ જમીનમાં અમ પ્રતિવાદીનો માલીકી હકકે નામ ચાલતુ હતું અને આ જમીનમાં વાદી કે સહપ્રતિવાદીના નામ દાખલ કરતા અગાઉ અમો પ્રતિવાદીની કોઇ સહી કે સંમતી મેળવવામાં આવેલ નથી કે અમોને કોઈ માહીતગાર કરવામાં આવેલ નથી કે અમોને કોઈ જાણ કરવામાં આવેલ નથી કે ૧૩૫–ડી ની નોટીસમાં પણ અમારી સહી લેવામાં આવેલ નથી અને આ કામના વાદી તથા સહપ્રતિવાદીએ તદ્દન ખોટા રેકર્ડ અને ખોટી સહીઓ કરીને તેમની રીતે સદરહું જમીનમાં ગેરકાયદેસર રીતે નોંધ નં:– ૧૦૫૦ થી નામ દાખલ કરાવી દીધેલ હોઈ જેથી પણ આ કામના વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી રદ થવાને પાત્ર છે તેમ જણાવી વાદીની દાવો રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૧૦) આમ, પ્રતિવાદીએ તેઓનો દાવા તથા હંગામી મનાઈ હુકમના જવાબ રજુ કર્યા બાદ આ કામના વાદી તરફે કાઉન્ટર એફીડેવીટ **આંક–૨૧થી** રજુ થયેલ છે અને પ્રતિવાદીઓએ જે જવાબ રજુ કરેલ છે તેમાની હકીકતોનો મુખ્યત્વે ઈન્કાર કરેલ છે અને વાદી તેઓની આંક–૧ વાળા દાવા અરજી તેમજ હંગામી મનાઈ હુકમની અરજીની હકીકતોને વળગી રહેલ છે તેમજ વાદીએ કાઉન્ટર એફીડેવીટ સાથે દસ્તાવેજી યાદી આંક–૨૩ થી રજુ કરેલ છે જેમાં માર્ક ૨૩/૧ થી ૨૩/૬ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે અને તેઓની હંગામી મનાઈ હુકમની અરજી મંજુર કરવા વિનંતી ગુજારેલ છે.

(૧૧) આ કામે વાદીના વિ.વશ્રીએ તેમની અરજીમાં જણાવેલ હકીકતો મુજબની દલીલ કરેલ છે જેમાં મુખ્યત્વે તેઓની હંગામી અરજી મુજબની હકીકતોને વળગી રહેલ છે અને તેઓએ આંક–૪ થી જે દસ્તાવેજી યાદી રજુ કરેલ છે જે દસ્તાવેજી યાદીના દસ્તાવેજો નિશાની ૪/૧ થી ૪/૧૬ સુધીના ઉપર આધાર રાખી અરજીમાં જણાવેલ હંગામી મનાઈ હુકમ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૧૨) તેમજ આ કામે પ્રતિવાદીએ પણ તેઓના જવાબ રૂપે જે હકીકતો જણાવેલ છે તે હકીકતનો મુજબ મૌખીક દલીલો કરેલ છે અને વાદીની હંગામી મનાઈ હુકમની અરજી રદ્દ કરવા જણાવેલ છે.

**સદર કામે રજુ થયેલ તમામ હકીકતો, મનાઈ અરજી ધ્યાને લેતા મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

| | |
|---|---|
| **મુદ્દા નં.૦૧.** | શુ વાદીનો કેસ પ્રથમદર્શનીય છે? |
| **મુદ્દા નં.૦૨.** | શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે? |
| **મુદ્દા નં.૦૩.** | શુ વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાથી ન ભરપાઈ થાય તેવુ નુકશાન થાય તેમ છે? |
| **મુદ્દા નં.૦૪.** | શુ હુકમ? |
| | **ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.** |
| **મુદ્દા નં.૦૧.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૨.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૩.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૪.** | આખરી હુકમ મુજબ. |

**-::કારણો::-**

(૧૩) સદર કામે મુદ્દા નં.૧ થી ૩ એક સાથે સંકળાયેલ હોઈ ચર્ચામાં પુનરાવર્તન કરવા માટે મુદ્દા નં.૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા કરવાનું યોગ્ય જણાતુ હોઈ સંયુક્ત ચર્ચા કરેલ છે.

(૧૪) આ કામે વાદીની અરજીની હકીકતો વંચાણે લઈએ તો, આ કામના વાદી અરજીની એવી દાદ સાથે ઉપસ્થિત થયેલ છે કે મોજે ગામ ટોટાણા, તા.કાંકરેજના જુનો સ.નં. ૨૨૬, (જુનું માપ ક્ષેત્રફળ હે.આરે. ૨-૪૭-૮૭ ચો.મીટર) નવો સ.નં. ૨૬૦ (નવુંમાપ ક્ષેત્રફળ

હે.આરે. ૨–૩૪–૫૪ ચો.મીટર) વાળી અમો વાદીઓ તથા સહ પ્રતિવાદીની સંયુકત માલીકી, કબજા ભોગવટાની જમીનમાં આ કામના પ્રતિવાદી કે તેમના વારસો કે તેમના મળતીયા માણસો, નોકરો, ચાકરો, એસાઇનીઓ વિગેરે અમો વાદીઓ તથા સહ પ્રતિવાદીને કે અમારા વારસોને ખેતી કરતાં રોકે, રોકાવે નહીં કે કોઈ પણ જાતનો અવરોધ, હરકત, અડચણ ઉભી કરે, કરાવે નહી તથા રેવન્યુ રેકર્ડમાં કોઈ ફેરફાર કરે, કરાવે નહી તેવો આ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી હંગામી મનાઇ હુકમ અમો વાદીઓ ના લાભમાં તથા પ્રતિવાદી વિરુધ્ધ આપવા દાદ માંગેલ છે.

(૧૪) ઉભય પક્ષકારોની રજુઆતો લક્ષમાં લીધી, વાદીની હંગામી મનાઈ હુકમની અરજી તથા રજુ થયેલ દાવા અરજી સાથેના દસ્તાવેજો તથા પ્રતિવાદીએ રજુ કરેલ જવાબ તથા તે સાથે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા. હવે વાદીનો કેસ શરૂઆતથી જોવામાં આવે તો વાદીએ જે દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં રેવન્યુ રેકર્ડના ૮અ અને ૭/૧૨ના ઉતારા જોવામાં આવે તો તેમાં આ કામના વાદીઓના નામ ચાલે છે અને જે નામ નોંધ નં.૧૦૫૦ થી પ્રથમ દાખલ થયેલ છે અને અન્ય વાદીઓના નામ વારસાઈ નોંધ નં.૨૧૨૪ થી દાખલ થયેલ છે. હવે આ કામે સમગ્ર વાદીની અરજી તથા પ્રતિવાદીનો જવાબ તેમજ રેકર્ડ લક્ષમાં લેવામાં આવે તો મુખ્ય તકરાર આ રેવન્યુ રેકર્ડમાં જે **નોંધ નં.૧૦૫૦ તા.૨૨/૦૨/૧૯૯૧**ના રોજ પડેલ છે અને તેને સર્કલ ઓફીસરે **તા.૦૯–૦૫–૧૯૯૧**ના રોજ મંજુર કરવાનો હુકમ કરેલ છે અને તે આધારે આ કામના વાદીનું નામ દાવાવાળી જમીનમાં દાખલ થયેલ છે અને તે જ નોંધ થી પ્રતિવાદીનું નામ દાવાવાળી જમીનમાંથી કમી થયેલ છે. હવે આ કામે રજુ થયેલ **માર્ક ૪/૪** જોવામાં આવે તો **વોરા અબ્બાસભાઈ અબ્દુલહુસેનની** રેવન્યુ રેકર્ડના નમુના નં.૬ના હક્ક પત્રકે **નોંધ નં.૧૮૮ થી** કરવામાં આવેલ છે જે આ કામના પ્રતિવાદીના પિતા થાય છે. જે બાદ **માર્ક ૪/૫** જોવામાં આવે તો આ કામના પ્રતિવાદીનુ નામ રેવન્યુ રેકર્ડે નમુના નં.૬ ના હક્ક પત્રકે દાખલ થયેલ છે અને તે નોંધ નં.૯૮૪ થી તા.**૨૭–૦૩–૧૯૮૯**ના રોજ મંજુર થતા આ કામના પ્રતિવાદીનુ નામ વહેચણી આધારે પ્રતિવાદીના પિતાની હયાતીમાં દાખલ થયેલ છે અને ત્યારથી આ કામના પ્રતિવાદી દાવાવાળી જમીન કબજેદાર અને ભોગવટેદાર બનેલ છે. તે બાદ વાદીએ રજુ કરેલ **માર્ક ૪/૬** જોવામાં આવે તો આ કામના વાદીઓ સદર દાવાવાળી જમીનમાં **નોંધ નં.૧૦૫૦ થી** દાખલ થયેલ છે અને આ કામના પ્રતિવાદીનું નામ કમી થયેલ છે. અને આ નોંધમાં જણાવેલ હકીકત જોવામાં આવે તો તેમાં એવુ જણાવેલ છે

કે, **''આસન નં.૩માં બતાવેલ સર્વે નં.વાળી જમીન**(એટલે કે સર્વે નં.૨૨૬)**આ જમીન પ્રતિવાદીના નામે ચાલે છે અને તેમના બાપદાદાની સમયની છે અને તેમને વારસાઈ હક્કથી મળેલ છે ખરેખર જમીનમાં તેમના કાકા દીકરાઓ તેમના ભાઈઓ (૧) સૈકુદ્દીન અલીભાઈ, (૨) નજમુદ્દીન અલીભાઈ અને (૩) ફકરૂદ્દીન અલીભાઈના ભાગની છે પરંતુ જે તે સમયે નામો દાખલ કરેલ નથી જેથી સદરહુ જમીન તેમના ભાગે આવેલ છે અને તેમના પ્રત્યક્ષ કબજા હોઈ આ જમીનમાંથી સબ્બીરભાઈ અબ્બાસભાઈનું નામ કમી કરી (૧) સૈકુદ્દીન અલીભાઈ, (૨) નજમુદ્દીન અલીભાઈ અને (૩) ફકરૂદ્દીન અલીભાઈના નામો દાખલ કરવા જવાબો પેઢીનામુ તથા નોટીસો આધારે નોંધ કરી. ''** વળી, આ નોંધ અંગે પ્રતિવાદીએ તકરાર લઈ જણાવેલ છે કે, તેઓને ૧૩૫(ડી)ની નોટીસોની બજવણી કરેલ નથી કે તેઓનો જવાબ લીધેલ નથી પરંતુ વાદી અને સહપ્રતિવાદીએ ખોટી રીતે દસ્તાજેવો ઉભા કરી તેઓનુ નામ કરી કરાવી નાખેલ છે અને વાદીઓનું નામ દાખલ કરાવી નાખેલ છે. જે સબબ ચર્ચા કરવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓએ સદરહુ નોંધ ને મહેસુલી અદાલતમાં એટલે કે નાયબ કલેક્ટરશ્રી ડીસાના કોર્ટમાં પડકારતા નોંધ નં.૧૦૫૦ ને ખોટી ઠેરવી આ કામના પ્રતિવાદીનું દાવાવાળી જમીનમાં નામ નોધ નં.૨૬૩૫ થી દાખલ થયેલ અને તે બાદ આ કામના વાદી દ્વારા સદરહુ નાયબ કલેકટરશ્રીના હુકમને કલેક્ટરશ્રીની અદાલતમાં પડકારતા આ કામના વાદીની આર.ટી.એસ. અરજી મંજુર થતા ફરીથી આ કામના વાદીઓનું નામ રેવન્યુ રેકર્ડ નોંધ નં.૨૭૦૩ થી દાખલ થયેલ જે આ કામે રેવન્યુ રેકર્ડ પ્રતિવાદીના જવાબ સાથે રજુ થયેલ દસ્તાવેજી લીસ્ટમાં તેમજ વાદીએ રજુ કરેલ કાઉન્ટર એફીડેવીટ સાથે રજુ કરેલ દસ્તાવેજી લીસ્ટ સાથે રજુ કરેલ છે. આમ, સદરહુ વિવાદ મહેસુલી અદાલત તેમજ સિવિલ અદાલતમાં એક જ મુદ્દા પર ચાલતો આવેલ છે ત્યારે તે જોવુ જરૂરી છે કે મહેસુલી અદાલત અને સિવિલ અદાલત એક બીજા ના હુકમ પર કેવી રીતે બંધકર્તા રહે છે કે કેમ?

મહેસૂલી અદાલત અને સિવિલ અદાલત ની કાર્યક્ષમતા અને તેમના નિર્ણયોની બાંધી શકતા (binding effect) વિશે ભારતના કાયદાની પ્રણાલી હેઠળ સ્પષ્ટ નિયમો છે. સામાન્ય રીતે, મહેસૂલી અદાલત (Revenue Court) ની કાર્યક્ષમતા જમીન અને આવક સંબંધિત વિવાદો

સુધી મર્યાદિત છે, જ્યારે સિવિલ અદાલત (Civil Court) તમામ નાગરિક વિવાદોનો ઉકેલવા માટે સક્ષમ છે.

**મહેસૂલી અદાલતનો હુકમ:**

1. **નિમ્ન કક્ષાએ:** મહેસૂલી અદાલતનો હુકમ સામાન્ય રીતે તેનું વિશિષ્ટ કાર્યક્ષેત્ર ધરાવતો હોય છે અને તે આ આદેશ સિવિલ અદાલત માટે બંધનકર્તા નથી.
2. **અપીલ અને સમીક્ષા:** જો મહેસૂલી અદાલતનો કોઈ હુકમ આપેલ હોય અને તે બાદમાં ઉચ્ચ કક્ષાની અદાલત દ્વારા સમીક્ષિત કે ઉલટાવવામાં આવેલ હોય, તો તે સિવિલ અદાલત માટે મહત્વનો બનતો નથી.
3. **સિવિલ અદાલતના નિર્ણય:** જો એક જ મુદ્દા પર મહેસૂલી અને સિવિલ અદાલત વચ્ચે વિવાદ હોય, તો સિવિલ અદાલત મહેસૂલી અદાલતના હુકમને નજર અંદાજ કરી શકે છે, જો તે માનતી હોય કે તે હુકમ યોગ્ય નથી અથવા કાયદાની કસોટી પર ખરો ઉતરતો નથી.

અંતે, મહેસૂલી અદાલતના આદેશો સિવિલ અદાલત માટે બંધનકર્તા નથી, સિવિલ અદાલત એ મહેસૂલી અદાલતના આદેશોને તેમના નિર્ણયોમાં ભાગરૂપે ગણાવે છે, પરંતુ તેઓએ તે આદેશોને માન્ય કરવાં અથવા તેમના પર પુનઃવિચાર કરવાની સંપૂર્ણ શક્તિ છે.

(૧૫) હવે, વાદીએ તેઓના દસ્તાવેજી યાદી આંક–૦૪ સાથે રજુ કરેલ પેઢીનામુ જે માર્ક ૪/૧૦ થી રજુ કરેલ છે તેને પ્રતિવાદીએ તેઓના જવાબમાં પણ તકરાર લીધેલ છે અને પ્રતિવાદીએ માર્ક ૪/૧૦ થી રજુ થયેલ પેઢીનામુ ખોટુ છે તેવુ જણાવેલ છે તેમજ વાદીએ જ્યારે પ્રતિવાદીના જવાબ સામે કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે તેની સાથે રજુ કરવામાં આવેલ પેઢીનામુ જે માર્ક ૨૩/૬ થી રજુ કરેલ છે તે પણ જોવામાં આવે તો માર્ક ૪/૧૦ અને માર્ક ૨૩/૬ વાળુ પેઢીનામામાં બહુ જ વિરાધાભાસ પ્રથમદર્શનીય રીતે ફલીત થાય છે અને વાદીએ જે નોંધ નં.૧૦૫૦ થી તેઓના નામ દાખલ કરેલા છે તે સદરહુ માર્ક ૪/૧૦ વાળા પેઢીનામા આધારે દાખલ થયેલ છે. આમ, જ્યારે વાદીએ રજુ કરેલ પેઢીનામા જ શંકાસ્પદ અને વિવાદીત જણાઈ આવતા હોય તો નોંધ નં.૧૦૫૦થી વાદીઓના નામ દાખલ થયેલ છે તે પણ વિવાદીત જ હોઈ શકે તેવુ અમારી માનવુ છે. વધુમાં, જ્યારે મહેસુલી કાયદાના

નિયમ મુજબ રેવન્યુ રેકર્ડમાં નોંધ પાડી તેમાં ફેરફાર થતા હોય છે અને તે નોંધોના આધારે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર થતા હોય છે એટલે કે જ્યારે જે નોંધો પાડવામાં આવતી હોય છે તે કાં તો વહેચણીની નોંધ હોય, માલીકી ફેરફારની નોંધ હોય, વારસાઈની નોંધ હોય, હયાતીમાં હક્કની વહેચણીની નોંધ હોય પરંતુ હાથ પરના કેસમાં જે વિવાદીત નોંધ નં.૧૦૫૦ છે અને જો ઉપર ચર્ચા કર્યા મુજબ જોવામાં આવે તો પ્રથમદર્શનીય રીતે તદ્દન ગેરવ્યાજબી અને ખોટી રીતે પાડવામાં આવેલી છે તે માનવાને કારણ રહે છે કારણ કે, વાદીઓ એમ કહેતા હોય કે પ્રતિવાદીઓની જમીનમાં તેઓનો લાગ ભાગ હક્ક હીસ્સો સમાયેલો હતો પરંતુ તેઓએ નામ દાખલ કરાવેલા ન હતા તો તેઓ આ નોંધ પડ્યા પહેલા ખેડુત ખાતેદાર હતા કે કેમ તે અંગેનો કોઈ લેખીત પુરાવો આ કામે રેકર્ડ પર રજુ કરેલ નથી. આમ, સમગ્ર ચર્ચા કર્યા મુજબ વાદીનો કેસ પ્રથમદર્શનીય રીતે જણાતો નથી.

(૧૬) આમ, ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતા અગર વાદીની હંગામી મનાઈ હુકમની અરજી મંજુર કરવામાં આવે તો વાદી કરતા પ્રતિવાદીનાઓને નાણામાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થવાની ભિતી છે અને તેથી જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને અગવડતા પડે તેમ છે તેથી મુદ્દા નં.૨ અને ૩નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**–::હુકમ::–**

(૧) વાદીની આંક–૫ વાળી હંગામી મનાઈ હુકમની અરજી ના–મંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ૧૦ મી માહે જુન સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી
તા.૧૦–૦૬–૨૦૨૪

(પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)
પ્રિન્સિપાલ સિવિલ જજ, શિહોરી
કોડ–જીજે૦૧૨૭૮